# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
## ( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા,
જિલ્લો-પંચમહાલ. પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/એન.એસ.એસ./૨૦૧૮/૧૨૩૪૫ તા.૧૦/૦૧/૨૦૧૮

પરિપત્ર : ૪૪૭

વિષય : એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફીસરો માટે PFMS ની તાલીમ અંગે

સંદર્ભ : રાજ્ય સંપર્ક અધિકારી (NSS) કમિશ્નર ઉ.શિ.ની કચેરી, ગાધીનગરના પત્રક્રમાંક: રસય/૧૧/યુનિ.કક્ષા/માહિતી/૨૦૧૭/૨૦૪૦-૩૮, તા.૨૮/૧૧/૧૭

શ્રીમાન,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ યુનિટો ધરાવતી કોલેજોના આચાર્યશ્રીઓ/પ્રોગ્રામ ઓફિસરશ્રીઓને જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્રમાં મુજબમાં જણાવ્યા મુજબ PFMS અંગે પ્રોગ્રામ ઓફીસરોને તાલીમ લેવી ફરજીયાત છે. જે સંદર્ભે તા.૨૦/૦૧/૨૦૧૮ ને શનિવારના રોજ સરકારી પોલીટેકનીક કૉલેજ, ગદુકપુર, ગોધરા ખાતે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ છે જેમાં રાજ્ય સરકારના નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવશે. તાલીમમાં આવો ત્યારે **એન.એસ.એસ યુનિટના બેંક ખાતાની માહિતી સાથે લાવવાની રહેશે.**

| તારીખ | સ્થળ | સમય |
|---|---|---|
| ૨૦ જાન્યુઆરી ૨૦૧૮ | સરકારી પોલીટેકનીક કૉલેજ, ગદુકપુર, ગોધરા, પંચમહાલ | સવારે ૦૯.૩૦ કલાકે |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ રવાના:

- એન એસ એસ ના યુનિટો ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/પ્રોગ્રામ ઓફિસરો તરફ
- રીજીયોનલ ડાયરેક્ટર, એન.એસ.એસ., એલીસબ્રીજ, અમદાવાદ.

બિડાણ : રાજ્ય સંપર્ક અધિકારી (NSS) ના પત્ર ની નકલ.

૨૦૭૮-૩૮

ક:રસય/૧૧/યુનિ.કક્ષા/માહિતી./૨૦૧૭
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા ૨૮/ ૧૧ /૨૦૧૭

પ્રતિ,
પોગ્રામ કૉ.ઓર્ડિનેટરશ્રી,,
એનએસએસ વિભાગ,એનએસએસ સસંલગ્ન યુનિવર્સિટી.

વિષય:- રાષ્ટ્રીય સેવા યોજના સ્વયંસેવકોની માહિતી તથા અનુદાન અંગે

આપની યુનિવર્સિટીના જે કોલેજોને રાષ્ટ્રીય સેવા યોજના તળે આવરી લેવામાં આવેલ છે તે કાર્યરત કોલેજ ની માહિતી તથા પોગ્રામ ઓફિસરનું નામ,શૈક્ષણિક લાયકાત અને કેટલા વર્ષથી પોગ્રામ ઓફિસર તરીકે સેવા આપેલ છે તેમજ તેઓએ તાલીમ લીધેલ છે કેમ? તેની માહિતી આ કચેરીને મોકલી આપવાની રહેશે તથા આ ઉપરાંત નીચેની વિગતો ધ્યાને લઇ તે મુજબની કાર્યવાહી કરવા તથા જરૂરી સૂચના સંબંધિત કોલેજોને આપવાની રહેશે,

(૧) આપની યુનિવર્સિટીનું એન.એસ.એસ.નું રાષ્ટ્રીય બેંકમાં અલાયદુ એકાઉન્ટ નિભાવવાનું રહેશે.જેમાં પોગ્રામ કૉ.ઓર્ડિનેટર અને રજીસ્ટ્રાર અથવા હિસાબી અધિકારીનું સંયુકત એકાઉન્ટ ખોલાવવાનુ રહેશે.

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાને ૧૦૦% સેન્ટ્રલ સેકટર સ્કીમમાં આવરી લેવામાં આવેલ છે.ભારત સરકારની સુચના મુજબ એનએસએસ સંલગ્ન યુનિવર્સિટીઓ ને અત્રેથી PFMS દ્વારા ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવનાર છે.

સને ૨૦૧૭-૧૮ ના વર્ષથી દરેક યુનિવર્સિટીઓ દ્વારા તેઓની તાબાની એનએસએસ સંલગ્ન કોલેજોને PFMS થી ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે. આ અંગેની દરેક યુનિવર્સિટીઓએ એનએસએસ સંલગ્ન કોલેજોને તાલીમ અંગે સેમિનાર કરવાનો રહેશે.

(૨) કોલેજોમાં એન.એસ.એસ.નું યુનિટ સક્રિય છે તે માટે અપાતી ગ્રાન્ટનો નિયમાનુસાર ઉપયોગ થાય છે કે કેમ?તેની ચકાસણી આપની કક્ષાથી કરવાની રહે છે કોલેજોને ગત વર્ષની ફાળવેલ ગ્રાન્ટ અંગેનું વપરાશના પ્રમાણપત્ર આપની યુનિવર્સિટીરી દ્વારા મેળવ્યા બાદ ગ્રાન્ટની ફાળવણી કરવાની રહેશે. સને ૨૦૧૭-૧૮ ના વર્ષથી એન.એસ.એસ.એકમ ધરાવતી કોલેજોએ રાષ્ટ્રીય બેંકમાં અલાયદુ એકાઉન્ટનિભાવવાનું રહેશે.જેમાં આચાર્ય અને પોગ્રામ ઓફિસરનું સંયુકત એકાઉન્ટ ખોલાવવાનુ રહેશે.

(૩) અત્રેથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ અને તેના ખર્ચના હિસાબ આચાર્યશ્રી તથા પોગ્રામ ઓફિસરે નિભાવી પ્રતિ વર્ષ ચાર્ટડ એકાઉન્ટ પાસે ઓડિટ કરાવવાના રહેશે. સી.એ.રિપોર્ટનું વિગતવાર ખર્ચની વિગત દર્શાવવાની રહેશે.

Shri Govind Guru University
GODHRA
Inward No. : 3024
Date : 12/12/17
Branch :

(૪) કોલેજો દ્વારા યોજવામાં આવનાર એન.એસ.એસની દિન-૭ ની ખાસ શિબિર અંગે આપની યુનિવર્સિટીને અગાઉથી જાણ કરવાની રહેશે અને તેના વિગતવાર અહેવાલની નકલ રીજીઓનલ ડાયરેકટર ઓફ એન.એસ.એસ. અમદાવાદ તેમજ આ કચેરીને મોકલી આપવા જણાવવાનું રહેશે.

રાજય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

ડાયરેકટરશ્રી,
ડાયરેકટર ઓફ એનએસએસ,એલીસબ્રીજ ,પાટનગર યોજના ભવન,અમદાવાદ